# પ્રસાર ભારતી

## નેશનલ સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

તારીખ : 25-07-2024 સવાર : 7.45 થી 7.55

વાર : ગુરૂવાર

### આકાશવાણી સમાચાર રિધ્ધિ ઉંધાડ વાંચે છે.

*****************************************

- ભારત બ્રિટન સાથે દ્વીપક્ષીય સંબંધોને મજબૂત બનાવવા પ્રતિબદ્ધ હોવાનું જણાવતા પ્રધાનમંત્રી મોદી
- ગુજરાતમાં સાર્વત્રિક વરસાદઃ મધ્ય ગુજરાતનાં અનેક જિલ્લાઓમાં ભારે વરસાદ બાદ જનજીવન ખોરવાયું
- દેશના પશ્ચિમ અને મધ્ય ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી
- બેન્જામિન નેતન્યાહૂના અમેરિકી સંસદમાં સંબોધન પૂર્વે ઇઝરાયેલી સેનાએ ગાઝા પટ્ટીમાં કરેલા હુમલામાં 55નાં મોત
- અને આજથી ભારતની પેરિસ ઓલિમ્પિક મેચોનો પ્રારંભ, આવતીકાલે ઉદ્ઘાટન સમારોહ .

- *****************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# UK SECY-PMMODI-JAISHANKAR

બ્રિટન સાથે દ્વિપક્ષીય સંબંધોને વધુ મજબૂત બનાવવા ભારત પ્રતિબધ્ધ છે એમ ગઈકાલે નવી દિલ્હીમાં વિદેશ સચિવ ડેવિડ લેમી સાથેની બેઠક બાદ પ્રધાનમંત્રીએ આમ જણાવ્યું હતું. શ્રી મોદીએ બંને દેશો માટે લાભદાયી મુક્ત વેપાર સંધિને પૂર્ણ કરવાની ઇચ્છાનું સ્વાગત કર્યું હતું.

કેન્દ્રીય વિદેશ મંત્રી ડૉક્ટર સુબ્રમણ્યમ જયશંકરે પણ ડેવિડ લેમી સાથે મુલાકાત કરી હતી. તેમણે કહ્યું છે કે ભારત અને બ્રિટનના દ્વીપક્ષીય સંબંધો અત્યંત મહત્વના છે અને તેમાં ભવિષ્યની અનેક તકો રહેલી છે. ડૉક્ટર જયશંકરે ભારપૂર્વક કહ્યું કે વૈશ્વિક બાબતોમાં બંને દેશો જુદી જુદી રીતે જોડાયેલા છે. તેમણે ઉમેર્યું કે વૈશ્વિક મુદ્દાઓ અને આંતરરાષ્ટ્રીય મંચ પર ભારત અને બ્રિટન સાથે મળીને કામ કરવું જરૂરી છે.  .

# GUJARATRAIN

ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં ભારે વરસાદ બાદ જનજીવન ખોરવાયું છે. આણંદ, સુરત, ભરૂચ અને નર્મદા જિલ્લામાં અનેક સ્થળોએ પાણી ભરાતા લોકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. આણંદ જિલ્લાના બોરસદમાં ગઈકાલે સાંજ સુધીમાં સૌથી વધુ લગભગ 14 ઇંચ વરસાદ નોંધયો હતો.

ઉપરાંત નર્મદા, ભરૂચ અને છોટાઉદેપુરમાં ચાર ઇંચથી વધુ વરસાદ નોંધાયો. રાજ્યના ડેમ અને નદીઓમાં જળ સ્તર સતત વધી રહ્યું છે. રિલિફ કમિશ્નર આલોક પાંડેએ જણાવ્યું કે રાજ્યની દસ નદીઓમાં પૂરની સ્થિતિ છે. તેમણે કહ્યું કે છેલ્લા 24 કલાકમાં વરસાદને કારણે 9 લોકોના મોત થયા છે. વરસાદ સંબંધીત વિવિધ ઘટનાઓમાં મૃતકોની સંખ્યા વધીને 61 થઈ ગઈ છે. શ્રી પાન્ડેએ જણાવ્યું કે રાષ્ટ્રીય આફત નિવારણ દળની 14 જ્યારે કે રાજ્ય આફત નિવારણ દળની 20 જેટલી ટીમો અસરગ્રસ્ત વિસ્તારોમાં તૈનાત કરાઈ છે.

# IMD WEATHER

હવામાન વિભાગએ આગામી કેટલાક દિવસો સુધી દેશના પશ્ચિમઅને મધ્ય ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. જે અનુસાર ગુજરાત, કોંકણ, ગોવા અને મહારાષ્ટ્રમાં આવતીકાલ સુધી ભારેથી અતિભારે વરસાદની શક્યતા છે. ઉપરાંત તટિય કર્ણાટક અને ઓડિશાના જુદાજુદા ભાગોમાં પણ ભારે વરસાદ પડ઼ી શકે છે. આ તરફ દિલ્હીમાં આગામી બે દિવસમાં હળવોથી મધ્યમ વરસાદ વરસી શકે છે.

# ISRAEL

ઇઝરાયેલના પ્રધાનમંત્રી બેન્જામિન નેતન્યાહૂ અમેરિકી સંસદમાં સંબંધોન પૂર્વે, ગઈકાલે ઇઝારાયેલની સેનાએ ગાઝા પટ્ટીમાં ફરી હુમલા કર્યા હતા. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર દક્ષિણ ગાઝાના ખાન યૂનિસના પૂર્વીય રહેણાંક વિસ્તારો પર આ હમલો કરાયો હતો, જેને પગલે હજારો લોકોએ શરણ માટે પશ્ચિમ તરફ પલાયન કરવું પડ્યું.

ગાઝાના આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર છેલ્લા 24 કલાકમાં ઇઝરાયેલની સેનાએ કરેલા હુમલામાં 55 લોકના મોત થયા છે. જ્યારે કે યુદ્ધમાં અત્યાર સુધીમાં 39 હજારથી વધુ પેલેસ્ટિનિયન લોકોના મોત થયા છે. ઇઝરાયેલના પ્રધાનમંત્રી નેતન્યાહૂ આજે અમેરિકી સસંદમાં સંબોધન કરવાના છે, તેઓ રાષ્ટ્રપતિ જો બાઇડ સાથે પણ મુલાકાત કરવાના હતા. રિપબ્લિકન પાર્ટીના રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે તેઓ ફ્લોરિડામાં નેતન્યાહૂ સાથે મુલાકાત કરશે.

# NEPAL PLANECRASH

કાઠમંડૂ સ્થિત ત્રિભુવન આંતરરાષ્ટ્રીય વિમાન મથકે થયેલ વિમાન દુર્ઘટનાની તપાસ માટે નેપાળ સરકારે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી છે. આ સમિતિને 45 દિવસમાં તેનો અહેવાલ સોંપવા જણાવાયું છે.

ગઈકાલે પ્રધાનમંત્રી કે. પી શર્મા ઓલી દુર્ઘટના સ્થળે પહોંચ્યા હતા, જે બાદ તેમણે કેબિનેટની બેઠક બોલાવી હતી. જેમાં વિમાન દુર્ઘટનાને લઈને નિર્ણયો લેવાયા હતા. દુર્ઘટનાને પગલે આજે નેપાળમાં રાષ્ટ્રીય શોક જાહેર કરાયો છે.

# AGNIVEER VAYU

ભારતીય વાયુસેનાની 29 અગ્નિવીર વાયુ મહિલાઓ પહેલીવાર મહિલા ડ્રીલ ટુકડી બનાવવા એક જૂથ થઈ છે. આ ટુકડી 26 જુલાઈના રોજ કારગીલ વિજય દિવસ પર ઈન્ડિયા ગેટ ખાતે પ્રદર્શન કરશે. ભારતીય વાયુસેનાએ નાગરિકોને આ પ્રદર્શનનો ભાગ બનવા માટે આમંત્રિત કર્યા છે, જેમાં તાકાત, એકતાના પ્રદર્શન સાથે એરફોર્સ બેંન્ડનું વિશેષ પર્ફોમન્સ પણ જોવા મળશે..

# AMARNATH YATRA

અમરનાથ યાત્રા તેના છેલ્લાં તબક્કામાં છે. 3 હજાર 89 તીર્થયાત્રીઓનું વધુ એક જૂથ જમ્મુનાં ભગવતી નગર યાત્રી નિવાસ બેઝ કેમ્પથી અમરનાથ ગુફા તરફ રવાના થયું છે. યાત્રાળુઓ આજે વહેલી સવારે 106 વાહનોના કાફલામાં બેઝ કેમ્પથી નીકળ્યા હતા. આ જૂથમાં બે હજાર 247 પુરૂષો, 745 મહિલાઓ, 73 સાધુઓ, 22 સાધ્વીઓ અને બે ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરી શકો છો...

# PARIS OLYMPIC

આવતીકાલે પેરિસ ઓલિમ્પિક 2024નો ઉદ્ઘાટન સમારોહના એક દિવસ પૂર્વે આજથી જ ભારતની ઓલિમ્પિક સફર શરૂ થઈ રહી છે. તરુણદીપ રાય અને પ્રવિણ જાધવની સાથે તીરંદાજ દીપિકા કુમારી, અંકિતા ભકત, ભજન કૌર અને બી. ધીરજ વ્યક્તિગત રેન્કિંગ આજે રાઉન્ડમાં ભાગ લેશે.

ભારતીય સમય અનુસાર મહિલા રેન્કિંગ રાઉન્ડ આજે બપોરે 1 વાગ્યે શરૂ થશે અને ત્યારબાદ પુરુષોનો રેન્કિંગ રાઉન્ડ 5:45 વાગ્યે શરૂ થશે. ભારતીય ખેલાડીઓની અન્ય મેચ 28 જુલાઈથી 4 ઓગસ્ટ વચ્ચે યોજાશે. રેન્કિંગ રાઉન્ડ બાદ સ્પર્ધા મેચ પ્લે રાઉન્ડમાં શિફ્ટ થશે. ભારત પેરિસમાં તમામ પાંચ તીરંદાજી સ્પર્ધામાં ભાગ લેશે. જેમાં પુરુષ અને મહિલા ટીમ, વ્યક્તિગત અને મિશ્ર શ્રેણીએમ કુલ મળીને, 128 એથ્લેટ્સ પેરિસ ગેમ્સમાં તીરંદાજી માટે ક્વોલિફાય થયા છે, જેમાં 64 મહિલાઓ અને 64 પુરૂષો છે.

# CRICKET-ASIA CUP

મહિલા એશિયા કપ ક્રિકેટમાં, આવતીકાલે ભારત બાંગ્લાદેશ સામે જ્યારે શ્રીલંકા પાકિસ્તાન સામે સેમિફાઇનલ મેચ રમશે. બંને મેચ દાંબુલામાં રમાશે.

ગઈકાલે દામ્બુલામાં રમાયેલી મેચમાં શ્રીલંકાએ થાઈલેન્ડને દસ વિકેટે હરાવ્યું હતું. પ્રથમ બેટિંગ કરતા થાઈલેન્ડે વીસ ઓવરમાં સાત વિકેટે 93 રન બનાવ્યા હતા. શ્રીલંકાએ જીતવા માટે 94 રનનો ટાર્ગેટ માત્ર 11 ઓવર અને ત્રણ બોલમાં મેળવી લીધો હતો..

# CROATIA OPEN

ક્રોએશિયા ઓપન ટેનિસ ટુર્નામેન્ટની પુરુષ ડબલ ક્વાર્ટર ફાઇનલમાં ભારતના યૂકી ભામ્બરી અને ફ્રાન્સના અલ્બાનો ઓલિવેટીની જોડીએ ફ્રાન્સના મેન્યુઅલ ગુડનાઈ અને ગ્રેગોઇરે જેકની જોડી સામે 4-6, 6-1, 6.10થી હારનો સામનો કરવો પડ્યો. સેમીફાઇનલમાં આજે ફ્રાન્સના મેન્યુઅલ ગુડનાઇ અને ગ્રેગોઇરે જૈકની જોડી બ્રાઝિલના મારસેલો જોરમૉન અને ફર્નાન્ડો રોમ્બોલી સામે રમશે.

# MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીઆ મહિનાની 28મી તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરશે. 28મી જુલાઇએ પ્રસારિત થનારી આ 112મી કડી હશે. મન કી બાત કાર્યક્રમ માટે લોકોએ તેમના વિચારો અને સૂચનો શુક્રવાર 26 તારીખ સુધીમાં મોકલવાના રહેશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેક યુવાનોને MyGov ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે.

મન કી બાત કાર્યક્રમ આકાશવાણીઅને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, AIR ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરાશે. આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પરથી તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

# NEET (UG)

સરકારે સ્પષ્ટતા કરી હતી કે મેડિકલ શાખામાં પ્રવેશ માટેની નીટ-યુજી પરિક્ષા બંધ કરવાની અને રાજ્યવાર પ્રવેશ પરીક્ષા પધ્ધતિ પુનઃ શરૂ કરવાની કોઇ દરખાસ્ત નથી. હાલમાં નીટ પરિક્ષા અંગે હાલ ચાલી રહેલા વિવાદ વચ્ચે શિક્ષણ રાજ્ય મંત્રી ડોક્ટર સુકાંતા મજુમદારે રાજ્યસભામાં લેખિત જવાબમાં આ પ્રમાણે જણાવ્યું હતું. યુજીસી (નેટ) પરિક્ષા અંગે તેમણે જણાવ્યું કે આ વર્ષે જૂનમાં યોજાયેલી પરીક્ષા રદ કરવામાં આવી છે અને હવે તેને 21 ઓગસ્ટથી 4 સપ્ટેમ્બર દરમિયાન કોમ્પ્યુટર આધારિત લેવામાં આવશે.

દરમિયાન, પશ્ચિમ બંગાળમાં શાસક તૃણમુલ કોંગ્રેસે રાજ્ય વિધાનસભામાં નીટ પ્રવેશ પરિક્ષા રદ કરવાની અને રાજ્યો દ્વારા મેડિકલ પ્રવેશ પરિક્ષાની અગાઉની વ્યવસ્થા પૂર્વવત કરવાની માંગણી કરતો ઠરાવ પસાર કર્યો હતો. આ સાથે નીટ પરિક્ષા રદ કરવાની માંગણી કરનાર પશ્ચિમ બંગાળ બીજું રાજ્ય બન્યું છે. અગાઉ તામિલનાડુએ આ મુજબને ઠરાવ પસાર કર્યો હતો..

# LS IT

ઇલેક્ટ્રોનિક અને માહિતી પ્રસારણ રાજ્ય મંત્રી જિતિન પ્રસાદે જણાવ્યું છે કે સરકાર કૃત્રિમ બૌદ્ધિક સંપદા એટલે કે આર્ટિફિશિયલ ઇન્ટેલિજેન્સને સુરક્ષિત તેમજ વિશ્વાસપાત્ર બનાવવાને લઈને પ્રતિબદ્ધ છે. ગઈકાલે લોકસભામાં લેખિત જવાબમાં શ્રી પ્રસાદે જણાવ્યું કે કેન્દ્ર સરકાર 2021માં માહિતી પ્રસારણ નિયમ લાવી હતી. વર્ષ 2022 અને 2023માં તેમાં કેટલાક સુધારા કરાયા.

વધુમાં તેમણે જણાવ્યું કે માહિતી અને પ્રસારણ નિયમ 2021 સોશિયલ મીડિયા પ્લેટફોર્મ સહિત તમામ મધ્યસ્થો માટે કાયદાકીય જવાબદારી સુનિશ્ચિત કરે છે. જેથી પ્રતિબંધિત ભ્રામક માહિતી અને ડીપ ફેક હટાવવા સહિત સુરક્ષિત અને વિશ્વસનીય ઇન્ટનેટ સેવા પ્રત્યે જવાબદારી સુનિશ્ચિત થઈ શકે. તેમણે ગૃહમાં જણાવ્યું કે ડિજિટલ વ્યક્તિગત ડેટા સંરક્ષણ કાયદો 2023 પણ લાગુ કરાયો છે, જે વ્યક્તિગત મહિતીની સુરક્ષા અંગે જવાબદારી સુનિશ્ચિત કરે છે.

# INCOME TAX FILING RETURN

આવકવેરા વિભાગે સ્પષ્ટતા કરી છે કે નાણાકીય વર્ષ 2023-24નું આવકવેરા રિટર્ન ભરવાની તારીખ લંબાવવામાં નથી આવી. કરદાતાઓએ 31 જુલાઇ સુધીમાં રિટર્ન ભરી દેવાનું રહેશે.

સોશિયલ મિડીયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટમાં આવકવેરા વિભાગે કેટલાંક અખબારોમાં આવકવેરા રિટર્ન ભરવાની તારીખ 31 ઓગસ્ટ સુધી લંબાવાઈ હોવાનાં પ્રકાશિત થયેલા સમાચારને ખોટાં ગણાવીને કરદાતાઓને સત્તાવાર વેબસાઇટને અનુસરવા જણાવ્યું છે..